<u>પ્રવેશ પરિપત્ર</u>:-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન વિદ્યાશાખા/બી.એડ./એલએલ.બી. સિવાયની તમામ સરકારી/ગ્રાન્ટ-ઈન-એઈડ/સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ/માન્ય સંસ્થાઓનાં વડાઓને જણાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાશાખા/બી.એડ./એલએલ.બી. સિવાયના સ્નાતક કક્ષાનાં NEP-૨૦૨૦ મુજબ અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા તા.૦૫/૦૬/૨૦૨૩થી કોલેજ કક્ષાએથી કરવાની રહેશે. ઓનલાઇન પ્રવેશ માટે પ્રત્યેક કોલેજના આચાર્યશ્રીઓને/માન્ય સંસ્થાના વડાઓને ઓનલાઇન પોર્ટલનાં નવા યુઝર આઇ.ડી. તથા પાસવર્ડ ગત વર્ષે આપવામાં આવેલ છે જે અનુસાર કાર્યવાહી કરવાની રહેશે. કોલેજ/સંસ્થા દ્વારા ઓનલાઇન પ્રવેશ માટેનું શેડ્યુલ નિયત કરવાનું રહેશે તેમજ નીચે દર્શાવ્યા મુજબની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

1. દરેક કોલેજોએ ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે.
2. સરકારશ્રી/યુ.જી.સી.ના ધારાધોરણ મુજબ અનામત નીતીનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
3. EWS કેટેગરીનું ૧૦% નું ધોરણ જાળવવાનું રહેશે જે **Supernumerary** તરીકે લેવાની રહેશે. EWS કેટેગરીની બેઠક ઉપર અન્ય કેટેગરીનાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે નહિ જેની ખાસ તકેદારી રાખવી.
4. PH કેટેગરી માટે ૦૫% અનામત રાખવાની રહેશે જે within category માં પ્રવેશ આપવાનો રહેશે.
5. કોલેજોએ મંજુર ઇન્ટેકની મર્યાદામાં પ્રવેશ આપવાનો રહેશે.
6. કોલેજ કક્ષાએ ઓનલાઇન એડમીશન કર્યા બાદ રોજબરોજ યુનિવર્સિટીના એડમીશન પોર્ટલ પર પ્રક્રિયા તેમજ કન્ફર્મ કરવામાં આવેલ પ્રવેશ અપડેટ કરવાના રહેશે.
7. કોલેજની પ્રવેશ તથા તે સંબંધિત માહિતી કોલેજની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવાની રહેશે.
8. GSHSEB બોર્ડ સિવાયના માન્ય બોર્ડમાંથી પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ અત્રેની યુનિવર્સિટીના સોફ્ટવેર (http://bknmu.gipl.net) માંથી ઓનલાઇન ફોર્મ ભરી પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ (PEC) કઢાવી પ્રવેશ મેળવેલ કોલેજમાં રજુ કરવાનું રહેશે. અન્યથા પ્રવેશ રદ થવાને પાત્ર થશે.
9. તમામ કોલજો દ્વારા વિદ્યાર્થીઓની ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા તા.૧૫/૦૬/૨૦૨૩ સુધીમાં સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. જે કોલેજોમાં પ્રથમ રાઉન્ડ બાદ બેઠકો ખાલી રહે તે કોલેજોએ તા:૧૬/૦૬/૨૦૨૩ થી તા:૨૫/૦૬/૨૦૨૩ સુધીમાં કોલેજ કક્ષાએથી અન્ય રાઉન્ડ બહાર પાડી વિદ્યાર્થી પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે.
10. કોલેજો ધ્વારા NEP-૨૦૨૦ની અમલવારી સંદર્ભે અભ્યાસક્રમની વિગતો તેમજ અભ્યાસક્રમનાં સમયગાળા અંગેની વિગતો કોલેજે વિદ્યાર્થી પ્રવેશ સમયે કોલેજોની વેબસાઇટ ઉપર મુકવાની રહેશે.
11. કોલેજ કક્ષાએ નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ તા.૨૧/૦૬/૨૦૨૩થી કરવાનો રહેશે.

12. વિદ્યાર્થીઓનાં પ્રવેશ અંગેના નિયમો, પ્રવેશની સંખ્યા (ઇન્ટેક) તેમજ સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સ્વનિર્ભર કોલેજો/માન્ય સંસ્થાઓની મંજુર થયેલ ઇન્ટેકની મર્યાદામાં જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે. ઇન્ટેક કેપેસીટીથી વધુ આપવામાં આવેલ પ્રવેશનાં એનરોલમેન્ટ/ એનલીસ્ટમેન્ટ/રજીસ્ટ્રેશન સ્વીકારવામાં આવશે નહી અને તે અંગે ઉપસ્થિત થતી તમામ જવાબદારી આચાર્યશ્રી/સંચાલકશ્રીની રહેશે જેની ખાસ નોંધ લેવી.
13. કોલેજો દ્વારા ફી સ્ટ્રક્ચર અનુસાર ફી લેવાની રહેશે. **(પરીપત્ર ક્રમાંક બીકેએનએમયુ/એકેડેમિક/૬૩૨/૨૦૨૨)**
14. કોલેજોમાં ચાલતાં વિષયો તથા ઉપલબ્ધ સુવિધાઓ અંગેની માહિતી વિદ્યાર્થીઓએ પસંદગીની જે-તે કોલેજની વેબસાઈટ ઉપરથી મેળવી લેવાની રહેશે.
15. વિદ્યાર્થી પ્રવેશ ધ્યાને લઇ કોલેજોએ કાર્યભાર અનુસાર જરૂરી શિક્ષકોની નિમણુંક કરવાની રહેશે.
16. ઓનલાઇન પ્રવેશ માટેની વેબસાઇટઃ- http://bknmuerp.in/ રહેશે.

| શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે વિનયન તેમજ વાણિજ્ય વિદ્યાશાખાની કોલેજો ખાતે પ્રથમ સેમેસ્ટરમાં મેરીટ યાદીનાં આધારે પ્રવેશ કાર્યવાહીનું સમય પત્રક | | |
|---|---|---|
| સ્નાતક કક્ષા | | |
| ક્રમ | કાર્યવાહી | તારીખ |
| (૧) | કોલેજ કક્ષાએ ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાનો સમયગાળો (કોલેજ ધ્વારા આ સમયગાળામાં શિડયુલ નિયત કરી પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે) | તા.૦૫/૦૬/૨૦૨૩ થી તા.૧૫/૦૬/૨૦૨૩ |
| (૨) | જે કોલેજોમાં ઉક્ત પ્રક્રિયા બાદ બેઠકો ખાલી રહે તો કોલેજ ધ્વારા અન્ય રાઉન્ડ જાહેર કરી પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની અંતિમ તારીખ | તા:૨૫/૦૬/૨૦૨૩ |
| (૨) | સેમેસ્ટર-૧ નાં શૈક્ષણિક સત્રનો પ્રારંભ | તા.૨૧/૦૬/૨૦૨૩ |

**નોંધઃ ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરતી વખતે વેબ બ્રાઉઝરનું Pop-up Blocker ને On રાખવાનું રહેશે.**

કા.કુલસચિવ

બિડાણઃ-
- ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા અંગેની માર્ગદર્શિકા

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૧૨૭/૨૦૨૩
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.તા.૦૩/૦૬/૨૦૨૩

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન વિદ્યાશાખા/બી.એડ./એલએલ.બી. સિવાયની તમામ સરકારી/ગ્રાન્ટ-ઈન-એઈડ/સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ/માન્ય સંસ્થાઓનાં વડાઓને તેમજ વિદ્યાર્થી ભાઇઓ-બહેનો તરફ...

નકલ સાદર રવાનાઃ-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) પરીક્ષા વિભાગ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.
નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...